GJAH221199032024

રજુ તારીખ	૧૯	૦૬	૨૦૨૪
દાખલ તારીખ	૧૯	૦૬	૨૦૨૪
ફેસલ તારીખ	૧૬	૦૫	૨૦૨૬
સમયગાળો	દિવસ	માસ	વર્ષ
	૨૭	**૧૦**	**૦૧**

21st Additional Chief Judicial Magistrate Court, (Spe. N.I. Court No. 48) Ahmedabad City.

ફોજદારી કેસ નં. ૯૮૩૯૧/૨૦૨૪

આંક–૧૭

ફરીયાદી	**IDFC First Bank Ltd.** મુખ્ય ઓફીસ : ઇન્ડીયાબુલ્સ ફાયનાન્સ સેન્ટર, ટાવર નં.૨, ૧૫ મો માળ, સેનાપતિ બાપત માર્ગ, એલફીનસ્ટોન રોડ, મુંબઇ– ૪૦૦૦૧૩ શાખા : આઇ. ડી. એફ. સી. ફસ્ટ બેંક લી. રત્નાકર નાઇન સ્કવેર, કેશવબાગ પાર્ટી પ્લોટ સામે, માનસી રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. ઓથોરાઇઝડ વ્યકિત : **શેખ ઇમરાન અહેમદ ઝમીલઅહેમદ**
ફરીયાદપક્ષે :	**વિ. વકીલશ્રી :** પી.એમ.દવે
વિરુધ્ધ...	
આરોપી	**૧. પીનાકીન રમણભાઇ પટેલ** **૨. પટેલ ગીતાબેન પીનાકીન** રહે. ૧૨૦, આઝાદ ચોક, ખેડા, ગુજરાત.
આરોપીપક્ષે :	**વિ. વકીલશ્રી :** એમ.એમ.શેખ

ગુન્હો :	**ધી. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ, ૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ ફરીયાદ.**

FORM-B

ગુન્હાની તારીખ	૨૩/૦૫/૨૦૨૪
પ્રથમ બાતમી અહેવાલની તારીખ	લાગુ પડતુ નથી.
'આખરી અહેવાલ/ફરીયાદ' રજુ થયાની તારીખ	૧૯/૦૬/૨૦૨૪
પ્લી લીધા તારીખ	૩૦/૦૯/૨૦૨૪
પુરાવો શરુ કર્યા તારીખ	૩૦/૦૯/૨૦૨૪
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	૦૭/૦૫/૨૦૨૬
ચુકાદાની તારીખ	૧૬/૦૫/૨૦૨૬
આખરી હુકમ	તકસીરવાન ઠરાવેલ છે.

:: આરોપીની વિગત (આરોપી નં.૧) ::

આરોપી નંબર	૧
આરોપીનુ નામ	પીનાકીન રમણભાઈ પટેલ
ધરપકડ ની તારીખ	–
જામીન મુકત કર્યાની તારીખ	–
આક્ષેપાચેલ ગુન્હાની વિગત	પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ, ૨૦૦૭ ની કલમ– ૨૫ મુજબ
શુ નિર્દોષ ઠરાવ્યા/ સજા કરી	કેદની સજા અને વળતરનો હુકમ
આપવામાં આવેલ સજા	બે મહીનાની સાદી કેદ
ફો.કા.સં. કલમ– ૪૨૮ અન્વચે ઈન્સાફી કાર્યવાહી ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો	–

:: આરોપીની વિગત (આરોપી નં.૨) ::

આરોપી નંબર	૨
આરોપીનુ નામ	પટેલ ગીતાબેન પીનાકીન
ધરપકડ ની તારીખ	–
જામીન મુકત કર્યાની તારીખ	–
આક્ષેપાચેલ ગુન્હાની વિગત	પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ, ૨૦૦૭ ની કલમ– ૨૫ મુજબ
શુ નિર્દોષ ઠરાવ્યા/ સજા કરી	નિર્દોષ ઠરાવેલ છે
આપવામાં આવેલ સજા	–

ફો.કા.સં. કલમ– ૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો	–

FORM-C

:: ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાક્ષીની વિગત ::

(એ) ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો :–

ક્રમ	સાહેદનુ નામ	પુરાવાનો પ્રકાર (Eye Witness, Police Witness, etc.)	આંક
૧	ઈમરાન અહેમદ શેખ	ફરીયાદી	૩

(બી) આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો :–

ક્રમ	સાહેદનુ નામ	પુરાવાનો પ્રકાર (Eye Witness, Police Witness, etc.)	આંક
–	–	–	–

(સી) અદાલત/કોર્ટના સાહેદ (જો હોય તો) :–

ક્રમ	સાહેદનુ નામ	પુરાવાનો પ્રકાર (Eye Witness, Police Witness, etc.)	આંક
–	–	–	–

:: ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજની વિગત ::

(એ) ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	આંક	દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન
૧	૭	ઓથોરીટી લેટર
૨	૮	તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજ પસાર કરેલ ઠરાવ
૩	૯	સર્ટીફીકેટ ઓફ ઇનકોર્પોરેશનની નકલ
૪	૧૦	ઈ.સી.એસ. નો રીટર્ન મેમો
૫	૧૧	ડિમાન્ડ નોટીસની ઓફીસ કોપી

૬	૧૨,૧૩	નોટીસ રજી.એડી.કર્યાની સ્લીપ
૭	૧૪,૧૫	નોટીસ બજી ગયા અંગેનો ટ્રેક રીપોર્ટ

(બી) આરોપી પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :-		
ક્રમ	**આંક**	**દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન**
૧	-	--

(સી) અદાલત / કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવો :-		
ક્રમ	**આંક**	**દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન**
૧	-	--

(ડી) સામગ્રીની વસ્તુઓ :-		
ક્રમ	**આંક**	**દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન**
૧	-	--

:: JUDGEMENT ::

કેસ/ ફરીયાદ હકીકત :-

(૧.૦) ફરીયાદીની હાલની ફરીયાદની હકીકત એવી છે કે : ફરીયાદી આઇ. ડી. એફ. સી. ફસ્ટ બેંક લી. ના ઓથોરાઇઝડ પર્સન છે જેઓની ઓફીસ ફરીયાદમાં જણાવેલ સરનામે આવેલ છે અને સદર ઓફીસ સને-૧૯૫૬ ની કંપનીધારા હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે અને રીઝર્વ બેંકના નિતી-નિયમ મુજબ લાયસન્સ દ્વારા બેંકીગ કામકાજ કરે છે. ફરીયાદી બેંક ગ્રાહકોને પર્સનલ લોન, હાઉસીંગ લોન, બીઝનેસ લોન વગેરે પ્રકારની ગ્રાહકોની જરૂરીયાત મુજબ લોન આપે છે. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, આરોપી એ આઇ. ડી. એફ. સી. ફસ્ટ બેંક લી. માંથી લોન મેળવવા અરજી કરેલ, જે આરોપીની વિનંતી ધ્યાને લઇ જુદી જુદી શરતો અને નિયમવાળો એક કરાર

બંન્ને પક્ષ વચ્ચે થયેલ, જેનો **નં. ૯૯૮૬૬૪૧૩ છે.** આ પછી ફરીયાદી સંસ્થાએ **આરોપીની BIL લોન મંજુર કરી રૂા.૪,૬૭,૪૯૪/– નુ ધીરાણ આપેલ.** ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, સદર ધીરાણ તેના પરના વ્યાજ અને અન્ય બીજા ખર્ચા સાથે **દર મહીને રુા. ૧૮૦૯૭/–** ના સરખા માસીક હપ્તે થી પરત ચુકવી આપવાનુ નકિક થયેલ, આરોપીએ તેની જવાબદારી સ્વિકારી **ઇલેકટ્રોનિક કલીયરન્સ સિસ્ટમ** (ઇ.સી.એસ.) ધ્વારા ચુકવણી નો વિકલ્પ પસંદ કરેલ અને તે સબંધે **યુનીયન બેંક ઓફ ઇન્ડીયા** ને આદેશાત્મક નિર્દેશો કરેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, ધીરાણની રકમ ચુકવવા માટે આરોપીએ ઇ.સી.એસ. થી ચુકવણીનો વિકલ્પ પસંદ કરેલ પરંતુ નીચે દર્શાવેલ મેન્ડેટ ફરીયાદી બેંકે તેમની **આઇ. ડી. એફ. સી. ફસ્ટ બેંક લી. સીજી રોડ, અમદાવાદ** ખાતે પ્રસ્તુત કરતા તે અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે.

બેંકનું નામ	યુનિયન બેંક ઓફ ઇન્ડિયા
બેંકનો ખાતા નં.	૬૩૦૬૦૨૦૧૦૦૦૧૦૧૮
ઇ.સી.એસ. ની રકમ	રૂા.૧૮,૦૯૭/–
ઇ.સી.એસ. પરત થવાનું કારણ	અપુરતુ ભંડોળ
ઇ.સી.એસ. તારીખ	૦૫/૦૪/૨૦૨૪
ઇ.સી.એસ. પરત થયા તારીખ	૦૫/૦૪/૨૦૨૪
ટ્રાન્જેકશન આઇ.ડી.	૭૦૧૬૩૬૨૧૧૩૪૯

(૧.૧) ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, એ રીતે સદર ઇ.સી.એસ. પરત ફર્યા બાદ ફરીયાદીએ તેમના વકીલ મારફત ધોરણસરની ડિમાન્ડ નોટીસ રજીસ્ટર એડી પોસ્ટના માધ્યમથી **તા. ૨૯/૦૪/૨૦૨૪** ના રોજ આરોપીને મોકલેલ, જે નોટીસ આરોપીને **તા.૦૮/૦૫/૨૦૨૪** ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ લેણી રકમ વસુલ આપેલ નથી.

(૧.૨) એ રીતે લેણી રકમ સંબંધે ઇશ્યુ થયેલ ઇ.સી.એસ. મેન્ડેટ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ તે પછી ધોરણસર ડિમાન્ડ નોટીસ આપવા છતાં લેણી રકમ વસુલ નહીં આપી આરોપીએ **ધી. પેમેન્ટ એન્ડ**

સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ, ૨૦૦૭ ની કલમ– ૨૫ અન્વયેનો ગુન્હો કરેલો હોવાના આક્ષેપ સાથે ફરીયાદીએ હાલની ફરીયાદ રજુ રાખી આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરવા તથા સજા અને દંડ કરવા તથા વળતર અંગે આદેશ કરવા અરજ કરેલ છે.

કોર્ટ કાર્યવાહી :–

(૨.૦) ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ તથા સાથે સામેલ દસ્તાવેજી પુરાવા અને ફરીયાદીના વેરીફીકેશનને ધ્યાને લઇ ગુન્હાનું કોગ્નીઝન્સ લેવામાં આવેલ અને આરોપી ને પ્રોસેસ ઇશ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતા આરોપીને કેસ પેપર્સની નકલો આપી, આક્ષેપિત ગુન્હા અંગે તથા ફરીયાદ હકીકત અંગે તેઓને સમજ આપી **આંક–૬ થી આરોપીની પ્લી લીધેલ**. જેમાં તેમણે ગુનો કબુલ હોવાનો ઇન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

રેકર્ડ પર રજુ થયેલ પુરાવો :–

(૩.૦) આ હુકમના મથાળે '**ફોર્મ– સી**' ની વિગત મુજબ ફરીયાદ પક્ષે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. આરોપી તરફે કોઇ પુરાવો રજુ થયેલ નથી.

(૩.૧) રેકર્ડ પર છે તે મુજબ આ કામે આરોપી પક્ષે કોઇ પુરાવો આપેલ નથી. પ્લી રેકર્ડ થયા બાદ આરોપી હાજર રહેલ નથી, ફરીયાદીની ઉલટતપાસ માટે કોઇ રજુઆત નહી આવતા ફરીયાદીની ઉલટતપાસનો આરોપીનો હકક બંધ કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ છે.

વિશેષ નિવેદન :–

(૪.૦) ફરીયાદીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ રજુ થયેલ પુરાવા સંબંધે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોય તેથી આરોપી ફરીયાદીએ રજુ કરેલ પુરાવા સંબંધે કોઇ ખુલાસો કરવા માંગતા નથી તે બાબતની નોંધ વિશેષ નિવેદન લગત કરવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટ '**મનોજ વાસુદેવ સોમપુરા વિ. સ્ટેટ ઓફ ગુજરાત** (R/SCR.A/6721/2023)' ના

ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લઇ આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

પક્ષકારો તરફે દલીલ :–

(૫.૦) ફરીયાદીના વિ. વકીલશ્રી હાજર છે, તેઓની મૌખિક દલીલ સાંભળેલ છે જે મુખ્યત્વે કાયદાના સ્થાપિત સિદ્ધાંતો તથા રજુ થયેલ પુરાવા પર આધારીત છે. આરોપી તરફે કોઇ હાજર નથી તેથી આરોપી તરફે કોઇ દલીલ નથી તે બાબતની નોંધ કરવામાં આવેલ છે અને કામ હુકમ માટે હાથ પર લીધેલ છે.

આરોપી વિરુધ્ધનુ તહોમત/ મુદાઓ અને તેના જવાબ :–

(૬.૦) કેસની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

:: મુદ્દાઓ ::

૧. શું ફરીયાદી વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, આરોપીએ ફરીયાદી સંસ્થા માંથી લોન મેળવેલ અને તે ધીરાણ પરત ચુકવવા માટે **ઇલેકટ્રોનિક કલીયરન્સ સિસ્ટમ (ઇ.સી.એસ.)** નો વિકલ્પ પસંદ કરી તેમની બેંક ને જરુરી આદેશાત્મક સુચન કરેલ, પરંતુ ત્યારબાદ ફરીયાદી સંસ્થાએ **તા. ૦૫/૦૪/૨૦૨૪ ની તારીખની મેન્ડેટ** પ્રસ્તુત કરતા તે **"અપુરતા ભંડોળ"** ના કારણે પરત આવેલ, આ પછી સમય મર્યાદામાં ધોરણસરની ડિમાન્ડ નોટીસ આરોપીને રજીસ્ટર એડી પોસ્ટના માધ્યમથી મોકલવા છતાં આરોપીએ લેણી રકમ વસુલ નહી આપી **ધી. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ, ૨૦૦૭ ની કલમ– ૨૫ મુજબનો** ગુન્હો કરેલ છે?

૨. શુ હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૭.૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

:: કારણો ::

મુદ્દા નં.૧ :-

(૭.૧) ધી. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ, ૨૦૦૭ ની જોગવાઈ દેશમાં નાણાંની ચુકવણીની પ્રણાલીઓને નિયમન કરવા અને તે પર દેખરેખ રાખવાના હેતુથી બનાવવામાં આવેલ છે. કાયદો ઘડવા માટેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં થતી નાણાંકીય ચુકવણીઓ પર દેખરેખનો છે અને તે બાબતે તકરારો માટે ભારતીય રિઝર્વ બેંકને ડેઝીગ્નેટેડ ઓથોરીટી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. હાલની ફરીયાદ આ ''અધિનિયમ'' ની કલમ-૨૫ અન્વયે છે, ત્યારે પ્રથમ તે જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે, જે નીચે મુજબ છે.

SECTION 25 : Dishonour of electronic funds transfer for insufficiency, etc., of funds in the account

(1) Where an electronic funds transfer initiated by a person from an account maintained by him cannot be executed on the ground that the amount of money standing to the credit of that account is insufficient to honour the transfer instruction or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt or other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

(2) It shall be presumed, unless the contrary is proved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.

(3) It shall not be a defence in a prosecution for an offence under sub-section (1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorisation, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorisation, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the

dishonour of electronic funds transfer to the extent the circumstances admit.

Explanation.- For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability, as the case may be.

(૭.૨) ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટના પ્રકરણ–૧૭ ની જોગવાઈ રિટર્ન થયેલ ઇલેક્ટ્રોનિકસ ફંડ્સ ટ્રાન્સફરને લાગુ પડશે તેવી જોગવાઈ કલમ–૨૫(૫) થી કરવામાં આવેલ છે. વધુમાં કલમ–૨૫(૨) થી એવી જોગવાઇ છે કે, જ્યાં સુધી વિરુદ્ધની હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ઇલેક્ટ્રોનિક ફંડસ ટ્રાન્સફર કોઈ કાયદેસરનું દેવું અથવા જવાબદારી અદા કરવા સબંધે હતુ તેવુ અનુમાન થશે. કલમ– ૨૫(૨) નુ આ અનુમાન શબ્દશ: ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ–૧૩૯ થી જે જોગવાઇ છે તે મુજબનુ છે, આથી ધી. નેગોશીએબલ ઇન્સટુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ ના અનુમાન સબંધે નામદાર સર્વોચ્ચ અદાલતે જે બાબતો ઠરાવેલ છે તે આ કલમ હેઠળના ગુન્હાના કામે પણ ધ્યાને લઈ શકાય. કલમ–૧૩૯ માં કેટલીક બાબતો સંબંધે અનુમાન કરવા અંગે જોગવાઇ કરવામાં આવેલ છે, જે અમુક અંશે ફરીયાદી ઉપર રહેલ સાબીતીના બોજને ઘટાડે છે. તેથી ઉપલબ્ધ પુરાવાને મુલ્યાંકનમાં લેતા પહેલા કલમ–૧૩૯ ની જોગવાઇ તથા તે અન્વયે થનાર અનુમાન ક્યાં સુધી વિસ્તરે છે તે સમજવા માટે આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે **'Rangappa v. Sri Mohan (2010 (11) SCC 441)'** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે '**કાયદેસર વસુલ થઇ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સંબંધે પણ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે.**' આ સંબંધે નામદાર કોર્ટે ચુકાદામાં નીચે મુજબ નોંધેલ છે.

> The presumption mandated by section 139 includes a presumption that **there exists a legally enforceable debt or liability.** This is of cource in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defense wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the respondent complainant.

(૭.૩) **'M. S. Narayana Menon Alias Mani v. State of Kerala and Anr. (2006 (6) SCC 39) '** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબક્કે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે કલમ-૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી એ જાતે પુરાવો આપવો આવશ્યક નથી, ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આરોપી આધાર રાખી શકે છે. એ હકીકત છે કે આરોપી એ માત્ર સંભવીતતાની શકયતા **(preponderance of probabilities)** દર્શાવવાની રહે છે તેમજ તેના માટે આરોપી ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આધાર રાખી શકે છે, પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદાઓ થકી એ બાબત સ્પષ્ટ કરેલ છે કે આરોપીએ પ્રોબેબલ ડીફેન્સ મુકવો જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલત '**Rohitbhai Jivanlal Patel v. State of Gujrat (AIR 2019 SC 1876)'** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ સંબંધે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં ફરીયાદીની આવકના સ્ત્રોત સંબંધેનો કોઇ પુરાવો ઉપલબ્ધ ન હોવાના કારણે તથા ચેકની જે એમાઉન્ટ હતી તે આરોપીને આપવામાં આવેલ રકમ કરતા ઓછી હતી અને બાકીની રકમ અંગે કોઇ ખુલાસો રેકર્ડ પર ઉપલબ્ધ ન હતો તથા ફરીયાદીએ આરોપીને આપેલ રકમ અંગે કોઇ કાચી નોટ કે પ્રોમીસરી નોટ વિગેરે મેળવેલ ન હતી વિગેરે મુદ્દાઓ આધારે ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવતો હુકમ કરેલ હતો, તે સંદર્ભે નામદાર કોર્ટે ઠરાવેલ છે કે આ કાયદા હેઠળની કાર્યવાહીમાં કલમ-૧૩૯ નું પ્રિઝમ્પ્શન છે તેથી આ બાબતો ફરીયાદીના પુરાવાનું ખંડન કરવા માટે પર્યાપ્ત નથી.

(૭.૪) સમગ્રપણે આ ઓથોરીટીમાં નામદાર કોર્ટે ઠરાવેલ બાબતો અને કાયદાની જોગવાઇ ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે કલમ-૧૩૯ તથા કલમ- ૨૫(૨) નું અનુમાન કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સુધી વિસ્તરે છે અને તેના લીધે સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે. એ હકીકત છે કે અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ જાતે પુરાવો આપવો જરૂરી નથી, તેઓ ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર આધાર રાખી શકે છે, પરંતુ તેના માટે **પ્રોબેબલ**

ડીફેન્સ રજુ થવો જરૂરી છે. ઉપરોક્ત કાયદાની જોગવાઇ તથા નામદાર કોર્ટના ચુકાદામાં ઠરાવેલ બાબતો નજર સમક્ષ રાખી ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનુ રહે છે. આ કામે ફરીયાદ હકીકતના સમર્થન માટે ફરીયાદી એ સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે, જે ફરીયાદીનો મૌખિક પુરાવો છે, જેમાં ફરીયાદ હકીકત મુજબના કથનો છે. ફરીયાદ હકીકતની વિસ્તારપૂર્વક નોંધ આ હુકમના પ્રથમ પેરામાં કરેલ છે આ સંજોગોમાં તેનુ રીપીટિશન યથાવત રીતે નહી કરતા માત્ર ટુંકમાં નોંધવામાં આવે તો, **ફરીયાદી એ એવો પુરાવો આપેલ છે કે, ''આરોપી એ લોન થી ધીરાણ મેળવેલ અને તેનુ પેમેન્ટ ઇલેકટ્રોનિક કલીયરન્સ સિસ્ટમ થકી કરવાનો વિકલ્પ પસંદ કરી તેમની બેંકને તે સબંધે જરુરી આદેશાત્મક સુચનો કરેલ, પરંતુ ત્યારબાદ ફરીયાદી સંસ્થાએ ઇ.સી.એસ. મેન્ડેટ પ્રસ્તુત કરતા તે આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ નહી હોવાના કારણે પરત આવેલ છે.''** ફરીયાદી ના મૌખીક પુરાવાને રેકર્ડ પર રજુ થયેલ દસ્તાવેજી પુરાવાનુ સમર્થન છે. કાયદાની જોગવાઇ મુજબ મેન્ડેટ દેવા અગર જવાબદારીના સંદર્ભમાં હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. મેન્ડેટ રીટર્ન થયા બાદ આરોપીને સમય મર્યાદામાં ધોરણસર ડીમાન્ડ નોટીસ આપવામાં આવેલ છે છતાં તેઓએ નોટીસ મુજબ કોઇ વર્તન કરેલ નથી અને લેણી રકમ વસુલ આપેલ નથી. કાયદાની કલમ– ૨૫(૨) ના અનુમાન સાથે આ બાબતો જોતા સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે, પરંતુ આરોપી સદર પુરાવાનુ ખંડન થાય તેવી કોઇ હકીકત રેકર્ડ પર લઇ આવેલ નથી. આરોપીને કેસના કામે પ્રોસેસની ધોરણસર બજવણી કરવામાં આવેલ છે, ધોરણસર પ્લી પણ રેકર્ડ કરવામાં આવેલ છે અને એ રીતે તેઓ જાણે છે કે તેઓ સામે આ કાર્યવાહી ચાલી રહેલ છે છતાં તેઓ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીના મૌખિક પુરાવાને તથા તેઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને નહી માનવાને કોઇ કારણ નથી.

(૭.૫) **સમગ્રપણે** જોવામાં આવે તો, આ કામે **આરોપી નં.૧ નાઓએ** ફરીયાદ હકીકત મુજબની કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવી જવાબદારીના બદલામાં ઇ.સી.એસ. થી પેમેન્ટનો વિકલ્પ સ્વિકારી તે મુજબ મેન્ડેટ ઇશ્યુ

કરવામાં આવેલ હોવાનુ તથા તે મેન્ડેટ રીટર્ન થયા બાદ આરોપીને ધોરણસર ડીમાન્ડ નોટીસ આપવામાં આવેલ છતા આરોપી એ સમય મર્યાદામાં લેણી રકમ વસુલ આપેલ નહી હોવાનું પુરવાર થયેલ છે. આ સંજોગોમાં **આરોપી નં.૧ નાઓને** ધી. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ, ૨૦૦૭ ની કલમ–૨૫ ના ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે, એ રીતે મુદ્દા નં.૧ નો જવાબ એ રીતે હકારમાં આપવામાં આવે છે.

સ્થળ : અમદાવાદ

તા. ૧૬/૦૫/૨૦૨૬ દશરથસિંહ જાલમસિંહ પરમાર

૨૧માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૪૮, અમદાવાદ શહેર.

(૭.૬) સજા સંબંધે :-

(૭.૬.૧) ઉપરોકત ચુકાદો જાહેર કરતા સમયે આરોપીની ગેરહાજરી છે, આરોપીને ખ્યાલ છે કે તેઓ સામે આ કાર્યવાહી ચાલી રહેલ છે છતાં તેઓ હાજર રહેતા નથી, તેથી કેટલી સજા કરવી જોઇએ તે સંબંધે તેઓ તરફે કોઇ રજુઆત નથી. ફરીયાદી તરફે એવી રજુઆત છે કે આરોપીને કાયદા મુજબ થઇ શકે તે પુરેપુરી સજા કરવી જોઇએ તથા વળતર માટે આદેશ કરવો જોઇએ.

(૭.૬.૨) આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટ ''***Sharad Jethalal Savla v. State of Gujarat 2017(3) GLH 146***'' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવે છે કે, અદાલત પક્ષકારની ગેરહાજરીમાં જજમેન્ટ/ચુકાદો જાહેર કરી શકે છે, ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૩ થી અદાલતને આ સત્તા પ્રાપ્ત થાય છે. આ સબંધે નામદાર કોર્ટે નોંધેલ છે કે, ''***However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.***''

(૭.૬.૩) આરોપીને ધી. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ, ૨૦૦૭ ની કલમ- ૨૫ ના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવેલા છે, આ પ્રકારના ગુન્હાઓ હાલના સમયમાં વધુને વધુ પ્રમાણામાં બની રહેલ છે, આ કારણે જ કાયદામાં અમુક બાબતો અંગે પ્રિઝમ્પશન કરવા અંગે જોગવાઈ પણ કરવામાં આવેલ છે, હાથ પરના કામમાં આરોપી ધ્વારા ઇશ્યુ કરવામાં આવેલ મેન્ડેટ રીટર્ન થયેલ છે, વધુમાં ત્યારબાદ નોટીસ આપ્યા પછી પણ આરોપી એ ફરીયાદીનાં લેણા નાણા ચુકવી આપેલા નથી. વધુ અગત્યની બાબત એ છે કે કેસના કામે આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર પણ રહેલ નથી. હાલના યુગમાં કે જયારે લોકો પોતાનો મહત્તમ નાણાકીય વ્યવહાર નેટબેકીંગ, ચેક, વટાઉખત, ક્રેડીટકાર્ડ, ડ્રાફટ વિગેરેથી કરતા થયા છે ત્યારે આ ઈન્સ્ટ્રુમેન્ટ

પ્રત્યે લોકોનો ભરોષો ટકી રહે તે જરૂરી છે, પોતાના ખાતામાં ભંડોળ નહી હોવા છતાં ચેક/ મેન્ડેટ આપવાનુ કૃત્ય લોકોના આવી ઈન્સ્ટ્રુમેન્ટ પ્રત્યેના ભરોસાને તોડે છે, તેથી આ પ્રકારના ગુન્હાને સહજ રીતે ન લઈ શકાય તે સ્પષ્ટ છે. આ સજોગોમાં કેદની સજા સાથે વળતરનો પણ આદેશ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયીક હોવાનું જણાય છે. '**H. Pukhraj v. D. Parasmal, reported in- 2015 (17) SCC 368**' ના ચુકાદામાં પણ નામદાર સર્વોચ્ચ અદાલતે કાયદાનો ઉદેશ ધ્યાને લેતા આ પ્રકારની કાર્યવાહીના કામે સજાની સાથે વળતર અંગે આદેશ કરવા પર ભાર મુકેલ છે. જેથી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

<u>મુદ્દા નં.૨ ::–</u>

:: હુકમ ::

૧. આરોપી **પીનાકીન રમણભાઈ પટેલ** નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૨) અન્વયે **ધી. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ, ૨૦૦૭ ની કલમ– ૨૫** ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને **બે માસની સાદી કેદની સજા** કરવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કો. કલમ–૩૫૭(૩) મુજબ આરોપીએ ફરીયાદીને વળતર પેટે રકમ **રૂા.૧૮,૦૯૭/–(અંકે રુપીયા અઢાર હજાર સત્તાણુ પુરા) ફરીયાદ દાખલ થયા તારીખથી વાર્ષિક– ૦૬% ના સાદા વ્યાજ સહિત ખાસ વળતર તરીકે ચુકવી આપવા** હુકમ કરવામાં આવે છે.

૩. વળતરની રકમ આરોપીએ દિવસ–૩૦ માં કોર્ટમાં જમા કરાવવાની રહેશે, આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ રહે તો તે બદલ વધુ **બે માસની સાદી કેદની** સજા કરવામાં આવે છે.

૪. આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરેલ છે તેથી સજા વોરંટ ભરતા પહેલા આરોપીની **ધરપકડ માટેનું વોરંટ** પ્રથમ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

૫. ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૬૩(૧) મુજબ હુકમની એક નકલ વિના મુલ્યે આરોપીને આપવી જરૂરી હોય આરોપીની અટક થયે

તેઓને આ ચુકાદાની એક નકલ વિનામુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

૬. આરોપીના અગાઉના જામીન તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે.

૭. આરોપી નં.ર નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૧) અન્વયે આક્ષેપીત ગુન્હાના કામે નિર્દોષ ઠરાવવામાં આવે છે.

૮. હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તા. ૧૬/૦૫/૨૦૨૬

દશરથસિંહ જાલમસિંહ પરમાર
૨૧માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪૮, અમદાવાદ શહેર.
જી.જે.૦૧૧૭૧

U.R.VAIDH (P.A.)